# ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

(ભારત સરકારનું ઉપક્રમ)

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## વ્યક્તિગત અંગત અકસ્માત વીમાનું માહિતીપત્ર
## વીમા-કવચની વિગતો, ટૂંકમાં

સગવડ માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ લાભ રૂ. ૧,૦૦,૦૦૦ની વીમાની મૂળ રકમ (CSI) માટે છે.

| | લાભ | ₹ |
|---|---|---|
| ૧. | ફક્ત મૃત્યુ | ૧,૦૦,૦૦૦ |
| ૨. | બે અવયવ અથવા બે આંખ અથવા એક અવયવ અને એક આંખનું નુકસાન | ૧,૦૦,૦૦૦ |
| ૩. | એક અવયવ અથવા એક આંખનું નુકસાન | ૫૦,૦૦૦ |
| ૪. | ઉપર દર્શાવ્યા સિવાયની ઈજાઓથી કાયમી સંપૂર્ણ અશક્તતા | ૧,૦૦,૦૦૦ |
| ૫. | કાયમી અંશતઃ અશક્તતા (PPD), પાનાનં. ૨માં જણાવ્યા મુજબ વીમાની મૂળ રકમના ....... ટકા | |
| ૬. | કામચલાઉ સંપૂર્ણ અશક્તતા (TTD) ૧૦૦ અઠવાડિયાં સુધી વીમાની મૂળ રકમના ૧ ટકા લેખે (દર અઠવાડિયે અધિકતમ લાભ, વધુમાં વધુ ₹ ૩૦૦૦) તેમ છતાં, વીમાની મૂળ રકમ સુધી મર્યાદિત (નીચેની નોંધ ૨ જુઓ) | દર અઠવાડિયે ₹ ૧૦૦૦ |

| લાભ નંબર | વર્ણન | કોષ્ટક | આવરી લીધેલ લાભ | જોખમ જૂથ દર હજાર દીઠ ₹ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૧ | ફક્ત મૃત્યુ ૧૦૦ ટકા | ડી | ૧ | ૦.૪૫ | ૦.૬૦ | ૦.૯૦ |
| ૨ | બે અવયવ, બે આંખ અથવા એક આંખ, એક અવયવ ... ૧૦૦ ટકા | | | | | |
| ૩ | એક અવયવ અથવા એક આંખને નુકસાન....૫૦ ટકા | | | | | |
| ૪ | ઉપર જણાવ્યા સિવાયની ઈજાથી કાયમી સંપૂર્ણ અશક્તતા (PTD) .... ૧૦૦ ટકા | સી | ૧થી ૪ | ૦.૭૦ | ૦.૯૦ | ૧.૩૦ |
| ૫ | નીચે દર્શાવ્યા મુજબ કાયમી અંશતઃ અશક્તતા | બી | ૧થી ૫ | ૧.૦૦ | ૧.૨૫ | ૧.૭૫ |
| ૬ | ૧૦૦ અઠવાડિયાં સુધી વીમાની મૂળ રકમના ૧ % લેખે કામચલાઉ સંપૂર્ણ અશક્તતા (અધિકતમ અઠવાડિક લાભ વધુમાં વધુ ₹ ૩૦૦૦) | એ | ૧થી ૬ | ૧.૫૦ | ૨.૦૦ | ૩.૦૦ |

નોંધ : (૧) વયમર્યાદા ૫-૭૦ વર્ષ
(૨) વીમાદારના જીવનની એક કરતાં વધારે પૉલિસી હોય ત્યારે ઉપર્યુક્ત મર્યાદા એકત્રિત લાગુ પડશે.
(૩) પ્રસ્તાવકર્તા ઉપરનું ગમે તે કોષ્ટક પસંદ કરી શકે.
(૪) વીમાકવચ વિશ્વવ્યાપી છે.
(૫) સંચિત બોનસ : પૉલિસી રિન્યુ કરાવવાના દર વર્ષે બાબત ૧થી ૪ હેઠળ ચૂકવવાપાત્ર રકમમાં ૫ ટકા વધારો થઈ ૫૦ ટકા સુધી જાય છે. પૉલિસી મુદત પૂરી થવાના ૩૦ દિવસની અંદર રિન્યુ કરાવાય તો સંચિત બોનસ જતું રહેતું નથી.

### બધાં કોષ્ટક હેઠળ મળતા મફત વધારાના લાભ

૧. **મૃતદેહને લઈ જવો** : ફક્ત અકસ્માતના કારણે વીમાદારના મૃતદેહને તેના નિવાસે લઈ જવા માટે કરેલું ખર્ચ, પરંતુ તે વીમાની મૂળ રકમના વધુમાં વધુ ૨ % અથવા રૂ. ૨૫૦૦, બેમાંથી જે ઓછું હોય તે

૨. **શિક્ષણ ફંડ** : વીમાદારનું મૃત્યુ થતાં, આ પૉલિસીમાં શિક્ષણ ફંડની નીચે મુજબ જોગવાઈ છે :
(ક) ૨૫ વર્ષથી ઓછી ઉંમરના એક આશ્રિત બાળક માટે વધુમાં વધુ ₹ ૫૦૦૦ને અધીન રહીને વીમાની મૂળ રકમના ૧૦ ટકા
(ખ) એક કરતાં વધારે આશ્રિત બાળકો માટે વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ને અધીન રહીને વીમાની મૂળ રકમના ૧૦ ટકા

**ખાસ નોંધ :**

**કુટુંબ પેકેજનું આવરણ**

કુટુંબ પેકેજનું આવરણ નીચેની પદ્ધતિ પર આપી શકાય :

| | | |
|---|---|---|
| (૧) | કમાતો સભ્ય (વીમાદાર) અને પતિ/પત્ની કમાતી હોય, તો | આપેલા માપદંડ મુજબ દરેક માટે વીમાની મૂળ રકમ |
| (૨) | પતિ/પત્ની (કમાતો સભ્ય ન હોય તો) | કમાતા સભ્યની વીમાની મૂળ રકમના ૫૦ ટકા અથવા ₹ ૧ લાખ, બેમાંથી જે ઓછું હોય તે બાળક દીઠ |
| (૩) | બાળકો (૫થી ૨૫ વર્ષ સુધી) | બેમાંથી કોઈ પણ કમાતા સભ્યની વીમાની મૂળ રકમના ૨૫ ટકા અથવા ₹ ૫૦,૦૦૦, બેમાંથી જે ઓછું હોય તે બાળક દીઠ |

**નોંધ :** ૧. બાળકો માટે અધિકતમ વીમા-કવચ મૃત્યુ અને કાયમી અશક્તતા (સંપૂર્ણ અને અંશતઃ) ને મર્યાદિત એટલે કે કોષ્ટક બીના લાભ સુધી જ મર્યાદિત રહેશે.
૨. કુટુંબ પેકેજ આવરણ નીચે એકંદરે પ્રીમિયમ પર ૧૦ ટકાનો વટાવ આપી શકાશે.
૩. કમાતા પતિ/પત્નીને લગતી વીમાની રકમ છૂટ અપાતી વીમાની રકમ કરતાં ઓછી હોય ત્યાં આવા પતિ/પત્ની ન કમાતા/કમાતી હોત તો વીમાની ઓછી રકમ આપી શકાય.

**વિસ્તરણનું આવરણ**

કાયદેસર દાવાના ૪૦ ટકા અથવા વીમાની મૂળ રકમના ૧૦ ટકા એ બેમાંથી જે ઓછું હોય ત્યાં સુધી આ પૉલિસીને દવાના ખર્ચનો સમાવેશ કરવા, મૂળ પ્રીમિયમના ૨૦ ટકાના દરે વધારાનું પ્રીમિયમ મચૂકવવાની શરતે વિસ્તારી શકાય.

**૩. જોખમ જૂથ ૧**

હિસાબનીસ, ડોક્ટર, વકીલ, સ્થપતિ, પરામર્શી, ઇજનેર, શિક્ષક, બેન્કર, વહીવટી કામગીરીમાં રોકાયેલી વ્યક્તિઓ, આવા જ જોખમવાળા વ્યવસાયમાં પ્રાથમિક રીતે રોકાયેલી વ્યક્તિઓ.

**જોખમ જૂથ ૨**

ફક્ત દેખરેખ કાર્યોમાં રોકાયેલા બિલ્ડર, કન્ટ્રાક્ટર અને ઇજનેર, પશુચિકિત્સા ડોક્ટર, મોટરકાર અને હલકાં મોટર વાહનોના પગારદાર ડ્રાઇવર, સમાન જોખમવાળા વ્યવસાયોમાં રોકાયેલી વ્યક્તિઓ, શારીરિક શ્રમમાં રોકાયેલ નહિ.

જૂથ ૩ હેઠળ આવતા હોય તે સિવાયના શારીરિક શ્રમમાં રોકાયેલી બધી વ્યક્તિઓ, ગેરેજ અને મોટર મિકેનિક, મશીન ઓપરેટર, ટ્રક અથવા લૉરી અને બીજાં ભારે વાહનોના ડ્રાઇવર, ધંધાદારી કુસ્તીબાજ અને ખેલાડીઓ, લાકડાનું કામ કરતા મશીનિસ્ટ અને આવા જોખમના વ્યવસાય/પ્રવૃત્તિઓમાં રોકાયેલી વ્યક્તિઓ.

**જોખમ જૂથ ૩**

ભૂગર્ભ ખાણ, સ્ફોટક મેગેઝિનમાં કામ કરતી વ્યક્તિઓ હાઇટેન્સન પુરવઠાવાળા વીજળિક સ્થાપનમાં રોકાયેલા કામદારો, જોકી, સર્કસના કર્મચારીઓ, વાહનદોડ, ઘોડાદોડ, શિકારી પ્રાણીઓના શિકારની રમત, શિકાર, પર્વતારોહણ, શિયાળુ રમતો, સ્કાઇંગ, બરફ હોકી, બલૂનિંગ, પોલો જેવી પ્રવૃત્તિઓમાં રોકાયેલી વ્યક્તિઓ.

**નોંધ :** ઉપરમાં સમાવેશ ન થયેલા વ્યવસાય અંગે વીમાકર્તા ટેરિફ સમિતિ સાથે પરામર્શ કરીને દરેક કેસના ગુણવત્તાના આધારે નિર્ણય લેશે.

આ પૉલિસીમાં નીચેના કારણે થયેલ મૃત્યુ, ઇજા અથવા અશક્તતાને આવરી લેવાશે નહિ :

(ક) સશસ્ત્ર દળમાં ફરજ પરની નોકરી

(ખ) ઇરાદાપૂર્વક પોતાને ઈજા, આપઘાત, ગાંડપણ, ગુપ્ત રોગ અથવા માદક પીણાં / ડ્રગની અસર

(ગ) તબીબી અથવા શસ્ત્રક્રિયા સારવાર (જ્યાં આવી સારવાર પૉલિસીના વ્યાપની અંદર જરૂરી હોય ત્યાં

(ઘ) દુનિયામાં કોઈ પણ સ્થળે યોગ્ય રીતે લાઇસન્સ ધરાવતા ધોરણસર પ્રકારના હવાઇ જહાજના ઉતારુ (ભાડું આપતો હોય કે નહિ) સિવાય ઉડ્ડયન

(ચ) અણુશસ્ત્રોની સામગ્રીનો અણુ કિરણોત્સર્ગ

(છ) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બંડ, ક્રાંતિ, રાજદ્રોહ, બળવો લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, ધરપકડ, જપ્તી, નિયંત્રણ, બધા રાજા, રાજકુમારો અને ગમે તે રાષ્ટ્ર, સ્થિતિ અને ગુણવત્તાવાળા લોકોની અટકાયતનાં કોઈ પરિણામ

(જ) બાળજન્મ, ગર્ભાવસ્થા અથવા સ્ત્રીજાતિ માટે બીજાં ખાસ શારીરિક કારણો

(ઝ) ગુનાહિત ઇરાદાથી કાયદાનો કોઈ ભંગ

**કાયમી અંશતઃ અશક્તતા**
**(પાના ૧નો લાભ ૫ જુઓ)**

| | ભાગને નુકસાન | વળતર, વીમાની મૂળ રકમના ટકા |
|---|---|---|
| ૧. | બધા પગના અંગૂઠાને નુકસાન | ૨૦ |
| | મોટા બે વેઢા | ૫ |
| | મોટો એક વેઢો | ૨ |
| | મોટા સિવાય, એક કરતાં વધારે અંગૂઠાને નુકસાન, દરેકના | ૧ |
| ૨. | બંને કાનની સાંભળવાની ખામી | ૭૫ |
| ૩. | એક કાનની સાંભળવાની ખામી | ૦ |
| ૪. | એક હાથની ચાર આંગળી અને અંગૂઠાને નુકસાન | ૪૦ |
| ૫. | ચાર આંગળીને નુકસાન | ૩૫ |
| ૬. | અંગૂઠાના બંને વેઢાને નુકસાન | ૨૫ |
| | એક વેઢાને નુકસાન | ૧૦ |
| ૭. | અનામિક આંગળીને નુકસાન - | ૧૦ |
| | ત્રણ વેઢા અથવા બે વેઢા અથવા | |
| | એક વેઢાને | |
| ૮. | મધ્યમા આંગળીને નુકસાન : | ૬ |
| | ત્રણ વેઢા અથવા | |
| | બે વેઢા અથવા | |
| | એક વેઢાને | |
| ૯. | તર્જની આંગળીને નુકસાન | ૫ |
| | ત્રણ વેઢા અથવા | |
| | બે વેઢા અથવા | |
| | એક વેઢાને | |
| ૧૦. | ટચલી આંગળીને નુકસાન | ૪ |
| | ત્રણ વેઢા અથવા | |
| | બે વેઢા અથવા | |
| | એક વેઢાને | |
| ૧૧. | હાથની હથેળીને નુકસાન | ૩ |
| | પ્રથમ અથવા બીજી (વધારાની) | |
| | અથવા ત્રીજી, ચોથી કે | |
| | પાંચમી (વધારાની) | |
| ૧૨. | બીજી કોઈ કાયમી અંશતઃ અશક્તતા | કંપનીના પેનલ ડોક્ટરની આકારણી મુજબ ટકા |

**રિબેટનો નિષેધ**
**(વીમા અધિનિયમ ૧૯૩૮ની કલમ ૪૧)**

વ્યક્તિ કોઈ પણ વ્યક્તિને પૉલિસીમાં દર્શાવેલ પ્રીમિયમ પર કોઈ રિબેટ અથવા ચૂકવવાપાત્ર સંપૂર્ણ કે અંશતઃ કમિશનનું કોઈ રિબેટ, ભારતમાં જીવન અથવા મિલકતને લગતા કોઈ પણ પ્રકાર બાબતમાં વીમો લેવા અથવા રિન્યુ કરવા અથવા ચાલુ રાખવા કોઈ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાલચ આપશે નહિ કે આપવાનો પ્રસ્તાવ મૂકશે નહિ અથવા પૉલિસી લેતી, રિન્યુ કરાવતી કે ચાલુ રાખતી કોઈ વ્યક્તિ વીમો ઉતારનારના પ્રકાશિત માહિતીપત્ર અથવા કોષ્ટક અનુસાર મળતા હોય તેવા રિબેટ સિવાય કોઈ રિબેટ સ્વીકારશે નહિ.

૨. આ કલમની જોગવાઈનું પાલન ન કરનાર વ્યક્તિને ₹ ૫૦૦ (રૂપિયા પાંચસો) સુધીનો દંડ થઈ શકશે.

**નોંધ : કાનૂની અર્થઘટન માટે અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.**